# પઠાણી વ્યાજખોરોનો કેસ એલ.સી.બી.ને સોપાયો

પેન્ટરપુરા ગામના ખેડૂતે દવા પી આત્મહત્યા નો પ્રયાસ કર્યા મામલે પોલીસ સ્ટેશનમાં ૧૧ પઠાણી વ્યાજખોરો ની સામે મની લોન્ડરીંગ નોકેસ દાખલ થયાને સાત દિવસ થવા છતાં બાયડ




પોલીસ પઠાણી વ્યાજખોરોની ધરપકડ કરી શકી નથી તેના કારણે લોકલ ક્રાંઇમ બ્રાંન્ચ ને આ કેસ માં તપાસ ના આદેશો કરતાં એલસીબીની ટીમ તપાસ કરવામાટે નીકળી હતી.અને તે સમય દરમાન્ય એલસીબીને દેશી દારૂ ઝડપાઈ જતાં વ્યાજખોરોની ધરપકડ કરવમાંથી આજે છૂટકારો મેળવ્યો હતો.

માધવ કંપા પાસે સમર્થ કેમ્પસ ની જમીનમાં કોમશીયલ ગોડાઉનો બની રહ્યા છે.તે ગોડાઉન બનાવનાર માલીકોએ મનફાવે તેમ રોડ ને અડીને આવેલી ગટર માં પાણીનો નિકાલ ન થાય તેવા ભૂગળા નાંખી તેની પર કર્વારી વેસ્ટ નું પુરણ કરી ગટરની જગ્યા પચાવી લઈ તેના લીધે આજુબાજુના ખેડૂતોને ચોમાસાની સીઝનમાં ભારે નુકશાન વેઠવું પડ્યું છે અને આગામી ચોમાસામાં પણ નુકશાન વેઠવાના ખેડૂતને આવી શકે તેમ છે.ગોડાઉન બનાવનાર માથાભારે અને ફાઈનાન્સ પેઢીના માલીકો હોવાથી તેવો અવારનવાર લોકોને દમ મારી ધમકાવી દે છે.

આજમીનમાં૧ હજાર કરતાં વધુ ટ્રકો નું કર્વારી વેસ્ટ થી પુરણ કરાવેલ છે પણ તે પુરણ નું માત્ર ને માત્ર ૨૦ થી૪૦% જેટલી રોયલ્ટી લીધી છે.અને ૬૦ % કરતાં વધુની રોયલ્ટી લીધ્યા વગર પુરણ કરી સરકારને લાખો રૂપીયા નુકશાન પહોંચાડેલ છે આ જમીન ખેડૂત જોડેથી દમ મારી દસ્તાવેજ કરાવી દિધ્યા છે.તેવું પણ ટોક ઓફ ધ ટાઉન બન્યુ છે. ત્યારે બાયડ નાયબ કલેકટર , મામલતદાર, ભૂસ્તરણ વિભાગ ના અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવે તેવી લોકો ની માંગ ઉઠી છે.

**સમર્થ છે તો બાયડ છે : થોડાક સમય અગાઉ બાયડ સમર્થ કેપિટલના માલિકો બજારમાં સેખી મારતા ફરતા હતા કે સમર્થ છે તો બાયડ ચાલે ચગે પણ હાલ દશા એવી છે કે ઓફિસના પાટિયા પાડીને ૧૧ વ્યાજખોરો સમર્થ કેપીટલના માલીકો સમર્થના પાંટીયા પાડી રફુચક્કર થઈ ગયા છે તો પણ બાયડ તો છે.**

# લાડોલ ગામે બે જૂથ વચ્ચે અથડામણ

મહેસાણા, તા. ૬

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના લાડોલ ગામે રાત્રિના સમયે પટેલ અને દરબારના બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થતાં બંને પક્ષના કેટલાક વ્યક્તિઓ ઘાયલ થયા હતા. ઉશ્કેરાયેલ ટોળાઓને વિખેરવા માટે પોલીસે અશ્રવાયુના આઠ સેલ છોડ્યા હતા.

વિગત એવી છે કે વિજાપુર તાલુકાના લાડોલ ગામે સુપ્રસિદ્ધ હરસિદ્ધ માતાજીના મંદિરે ૧૩૧માં પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂર્ણાહુતિની રાત્રે બે દિવસ પૂર્વે થયેલ તકરારને લઈને પટેલ અને દરબાર જ્ઞાતિના ટોળાઓ સામ સામે આવી ગયા હતા અને પોતાનો બદ ઈરાદો પાર પાડવા માટે સામ સામે જોરદાર પથ્થરમારો કર્યો હતો.



ઉશ્કેરાયેલ ટોળાઓએ સરકારી ગાડીઓને પણ નિશાન બનાવીને પથ્થરમારો કર્યો હતો તેમજ જાહેર માર્ગમાં પડેલ બે મોટરસાયકલની તોડફોડ કરી આગ લગાડી હતી. આવી ભયજનક સ્થિતિથી ગામમાં ભારે નાસભાગ સાથે ભયનો માહોલ છવાઈ ગયો હતો. જેથી સ્થિતિ પારખીને સ્થાનિક પોલીસે વધુ પોલીસ કુમક બોલાવી સ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. લાડોલમાં જૂથ અથડામણને પગલે જિલ્લા અને રેન્જના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને સમાધાનના પ્રયાસો કર્યા હતા. હાલ લાડોલમાં પરિસ્થિતિ શાંત છતાં અજંપાભરી સ્થિતિ પ્રવર્તે છે. આ બનાવ અંગે લાડોલ પોલીસે પટેલ સંદિપ બળદેવભાઈ, હિત કનુભાઈ તથા સોલંકી મેહુલસિંહ અને બીફ નામના શખ્સ સહિત બંને કોમના ૯૦૦ માણસોના ટોળા વિરૂદ્ધ હુલ્લડ, આગ, નુકશાન કર્યા અંગેનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

## સ્માર્ટ-વેસ્ટ વોટર મેનેજમેન્ટ દ્વારા પાણીની માંગ પૂરી થશે

અમદાવાદ,તા. ૬

ગુજરાતમાં હવે સ્માર્ટ વોટર અને વેસ્ટ વોટર મેનેજમેન્ટ સોલ્યુશન દ્વારા રાજયના મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાઓ, ઈન્ડસ્ટ્રીયલ સેકટર સહિતના ક્ષેત્રોમાં પાણીની જરૂરિયાત અને માંગને પહોંચી વળાશે. આ માટે વડોદરા ખાતે વૈશ્વિક વોટર ટેકનોલોજી કંપની ઝાયલેમ ઈન્ક.(એનવાયએસઈ-એક્સવાયએલ)ના ઈન્ડિયા ટેકનોલોજી સેન્ટરનું વડોદરાના મ્યુનિસિપલ કમિશનર વિનોદ રાવ અને ઝાયલેમના પ્રેસીડેન્ટ અને સીઈઓ પેટ્રીક ડેક્કર દ્વારા વિધિવત્ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.




## પ્રાંતિજ ખાતે ફી નિર્ધારણ એક્ટ વિષે માહિતી અપાઈ

વી.એસ.પીટીસી કોલેજ સ્થિત તક્ષશિલા વિદ્યાલય પ્રાંતિજ ખાતે ફી નિર્ધારણ એક્ટ વિશે વાલીઓને જિલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાય દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા અને ફી નિર્ધારણ એક્ટ વિષે વાલીઓ અને શાળા સંચાલકો સાથે સીધો સંવાદ યોજાયો હતો. સરકાર દ્વારા ફી નિર્ધારણ અને નામદાર સુપ્રિમ કોર્ટના હુકમોની મહત્વની બાબતોને ધ્યાનમાં લઈને સાબરકાંઠા જિલ્લાના જિલ્લા કચેરીના શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાય તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ ખાતે આવેલ તક્ષશિલા વિદ્યાલય ખાતે ફી નિર્ધારણ એક્ટ વિષે વાલીઓ સાથે સીધી ચર્ચાઓ કરવામાં આવી હતી. જિલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાયે ફી નિર્ધારણ એક્ટ વિષે સીધી સમજ આપી હતી. વાલીઓએ પુછેલા પ્રશ્નોના જવાબ શિક્ષણાધિકારીએ સંતોષકારક જવાબ આપતા વાલીઓમાં ખુશી જોવા મળી હતી.

## વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

**● જિલ્લામાં બે વર્ષમાં ૧૯૧ ને સરકારી નોકરી મળી**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોની નોંધણી જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કરવામાં આવી અને આ પૈકી કેટલાને અર્ધસરકારી અને સરકારી નોકરી મળી ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાના પ્રશ્નના જવાબમાં શ્રમ અને રોજગાર મંત્રીએ રજુ કરેલા લેખિત જવાબમાં જણાંવ્યા મુજબ બે વર્ષમાં કુલ ૨૭૮૭૨ બેરોજગારોના નામ નોંધાયા હતા. જયારે આ પૈકી ૧૯૧ ને સરકારી નોકરી તેમજ ૧૨૬૯ને અર્ધસરકારી નોકરી મળી છે.

**● બે વર્ષમાં બાળમજુર અંગે માત્ર બે ફરિયાદ તપાસમાં પણ કાંઇ હાથ ન લાગ્યુ**

છેલ્લા બે વર્ષમાં બાળમજૂર કાયદા ભંગ અન્વયે ગાંધીનગર જિલ્લામાં કટેલી ફરિયાદો મળી ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાના પ્રશ્નના જવાબમાં શ્રમ અને રોજગાર મંત્રીના જણાંવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં માત્ર બે ફરિયાદો મળી છે. જેમાં વર્ષ ૨૦૧૭ માં બાળમજુર કાયદા ભંગ અંગે બે ફરિયાદો મળી છે. જયારે મળેલી ફરિયાદો પૈકી સંસ્થાઓમાં તપાસ કરતા કોઈ બાળ શ્રમિક કામે રોકાયેલ મળી આવ્યો ન હોવાનુ પણ પેટા પ્રશ્નના ઉત્તરમાં જણાંવાયુ છે.

**● પંડિત દિનદયાળ આવાસ યોજના અન્વયે ૮.૬૫ લાખની સહાય**

પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અન્વયે જિલ્લામાંથી કેટલા લાભાર્થીઓની અરજી મળી તે અંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શંભુજી ઠાકોરે પ્રશ્ન પુછયો હતો આ અંગે સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ ઉત્તરમાં જણાંવ્યુ હતુ કે આ મામલે ૪૧ અરજીઓ મળી હતી. જયારે આ પૈકી ૩૯ મંજુર કરવામાં આવી હતી. આ અન્વયે રૂ ૮.૬૫ લાખની સહાય ચુકવવામાં આવી છે.

**● મૃતક શ્રમિકોના ૧૨ પૈકી ૨ કિસ્સામાં પરિવારજનોને વળતર**

માણસાના ધારાસભ્ય સુરેશ પટેલે ઓદ્યોગિક એકમોમાં અકસ્માતને કારણે મૃત્યુ પામેલા શ્રમિકોના પરિવારને તેમજ ઘાયલ શ્રમિકોને કેટલુ વળતર ચુકવાયુ તે અંગેના પ્રશ્ન અંગે શ્રમ અને રોજગાર મંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાંવાયા મુજબ ૧૨ શ્રમિકોના મૃત્યુ પૈકી ૨ કિસ્સામાં રૂ ૩૬.૫૩ લાખ વળતર ચુકવાયુ છે. જયારે ઘાયલ ૨ શ્રમિકો પૈકી ૧ ને રૂ ૨ લાખ વળતર ચુકવાયુ છે. બાકી કિસ્સામાં વર્કમેન કમ્પેંશન એકટ હેઠળ મળવાપાત્ર વળતર લેબર કાર્ટ દ્વાર નિર્ણય કરાયા બાદ કારખાના માલિક દ્વારા ચુકવાશે

**● શિષ્યવૃતિ યોજના હેઠળ ૩૦૦ અરજી મંજુર : ૬૩ ભરતી મેળા યોજાયા**

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાંવ્યુ હતુ કે જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૬૩ ભરતીમેળાનુ આયોજન કરવામાં આવ્યુ છે. દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે રજુ કરેલા પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાંવ્યા મુજબ છેલ્લા એક વર્ષમાં શિષ્યવૃતિ યોજના અન્વયે ૩૦૧ અરજીઓ મળી હતી. તે પૈકી ૩૦૦ અરજીઓ મંજુર કરવામાં આવી હતી. જયારે આ માટે લાભાર્થીઓને રૂ ૩.૯૧ લાખની રકમ ચુકવવામાં આવી છે.

## સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં ગરમીના પ્રમાણમાં વધારો

અમદાવાદ શહેરની સાથે રાજ્યભરમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. રાજ્યના અનેક ભાગોમાં પારો ૩૭થી પણ ઉપર પહોંચી ગયો છે. આજે રાજયના જે ભાગોમાં પારો ૩૭થી ઉપર પહોંચ્યો હતો તેમાં નલિયામાં ૩૭.૨, ભુજમાં ૩૭, મહુવામાં ૩૭.૪, અમરેલીમાં ૩૭નો સમાવેશ થાય છે. બીજી બાજુ મહત્તમ તાપમાનમાં અમદાવાદમાં પણ વધારો થઈ રહ્યો છે. આજે પારો ૩૫.૧ સુધી પહોંચ્યો હતો. આવતીકાલે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સુધી પહોંચવાની આગાહી કરવામાં આવી છે. ગાંધીનગરમાં આજે પારો મહત્તમ તાપમાનમાં ૩૫.૨ ડિગ્રી રહ્યું હતું. નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૫.૧ અને મહત્તમ તાપમાન ૩૭.૨ ડિગ્રી નોંધાયુ ગયુ હતું.

## ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ચિત્ર શિક્ષક સેમીનાર અંબાજી ખાતે યોજાયો

હિંમતનગર, તા. ૬

રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તક, ગુજરાત રાજય લલિતકલા અકાદમી અને સાબર યુવા કેન્દ્ર હિંમતનગર સંચાલિત ગુજરાત રાજ્ય ચિત્ર શિક્ષકો માટેની તાલિમી શિબિરનું લીંબાચીયા ધર્મશાળા, અંબાજીના વિશાળ ભવનમાં આયોજન થયુ.

આ તાલીમી સેમિનારમાં ગુજરાતભરમાંથી જુદા જુદા જિલ્લાઓના લગભગ ૫૦થી વધારે ચિત્ર શિક્ષકોએ ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવ્યુ.

ઉદ્ઘાટન સત્રમાં અંબાજીના સરપંચ રામ અવતાર અગ્રવાલ, લીંબાચીયા ધર્મશાળા ટ્રસ્ટના મંત્રી સોમાભાઈ લીમ્બાચીયા, કુશળ ઈજનેર ધીરજભાઈ લીંબાચીયા, વહીવટી અધિકારી આશિષભાઈ ચૌધરી, શિબિર સંચાલક પ્રકાશભાઈ વૈદ્ય, ચિત્રકાર નાથાલાલ બ્રહ્મક્ષત્રીય, રજનીભાઈ ત્રિવેદી, યોગેશભાઈ જોશી વગેરે મિત્રોએ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મુક્યો.

પ્રથમ સત્રમાં તજજ્ઞ તરીકે નાથાલાલ બ્રહ્મક્ષત્રીય દ્વારા 'ક્રિયેટીવીટી ઓફ આર્ટ' વિષયનું સુંદર માર્ગદર્શન અપાયું.

ચાર દિવસ ચાલનારી આ શિબિર માટે રહેવા, જમવા તથા ચિત્ર સર્જન માટે જરૂરી સામગ્રીની વ્યવસ્થા કરવા બદલ તાલિમી ચિત્ર શિક્ષકોએ ગુજરાત અંબાજીના ટ્રસ્ટી ગણનો આભાર વ્યક્ત કર્યો હતો.

## નેશનલ અર્બન હેલ્થ મિશન અંતર્ગત હિંમતનગર પાલિકાના લોક પ્રતિનિધિઓની કાર્યશાળા યોજાઈ

જીલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસનાં માર્ગદર્શન હેઠળ આજરોજ જી.એમ.ઈ. આર. એસ. મેડીકલ કોલેજ હિંમતનગર ખાતે શહેરી વિસ્તારના છેવાડાના માનવી સુધી સરકારશ્રીની વિવિધ



આરોગ્યલક્ષી યોજનાઓ પહોચે તેવા ઉમદા આશય સાથે અર્બન લોકલ બોડી હિંમતનગર નગરપાલિકાનાં લોક જન પ્રતિનીધીઓની એક દિવસની કાર્યશાળા યોજાઈ.

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા જનસામાન્યનાં સ્વાસ્થ્ય સારું અનેકવિધ યોજનાઓ અમલી બનાવેલ છે. રાજ્યમાં માતામરણ અને બાળમરણનાં દરમાં ઘટાડો લાવવો, રોગ પ્રતિકારક રસીકરણ કાર્યક્રમમાં ૧૦૦ ટકા લાભાર્થીઓ આવરવા, બેટી બચાવો- બેટી પઢાવો, મેલેરિયા, ક્ષયરોગ, આઈ.ડી.એસ.પી, ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ જેવા કાર્યક્રમોનો વિશેષ પ્રચાર-પ્રસાર અતિ આવશ્યક છે.

આ કાર્યશાળામાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સી અને અધિક જીલ્લા આરોગ્ય અધિકારી ડો. જયંત કનોરીયા એ ઉપસ્થિત સર્વેને અર્બન પ્રોગ્રામ, આર.સી.એચ., બેટી બચાવો- બેટી પઢાવો, આર.એસ.બી.વાય, માં અમે માવાત્સલ્ય યોજના, ટી.બી, ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ, બાળ સખા યોજના-૩ જનની સુરક્ષા યોજના, કસ્તુરબા પોષણ યોજના, જનની શિશુ સુરક્ષા યોજના અંગે વિગતવાર જાણકારી આપેલ.

## પરીક્ષા આપશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બ્લોકમાં ૪૯૩૮૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. બાર્ડ પરીક્ષાને અનુલક્ષીને ચાર ઝોન માટે ઝોનલ અધિકારીઓની નિમણુંક કરી દેવામાં આવી છે. જયારે ૧૫૩ પરીક્ષા સ્થળ માટે સ્થળ સંચાલકોની નિમણુંક પણ કરી દેવામાં આવી છે. ધોરણ -૧૦ અને ૧૨ની પરીક્ષાને અનુલક્ષીને પરીક્ષાર્થીઓને હોલ ટીકીટનુ વિતરણ પણ કરી દેવાયુ છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે દરેક વર્ગખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. જયારે જિલ્લામાં કુલ ૧૧ બ્લોકમાં સી સી ટી વી કેમેરાની વ્યવસ્થા નથી તેવા સ્થળે ટેબલેટ લગાવામાં આવશે. જયારે આ સ્થળોમાં દેલવાડા પ્રાથમિક શાળાના ત્રણ બ્લોક , કનીપુર પગાર કેન્દ્ર શાળાના એક બ્લોક અને કલોલની ભારત હાઈસ્કુલમાં ૭ બ્લોકમાં સી સી ટી વી કેમેરાની વ્યવસ્થા ન હોવાથી ટેબલેટ મુકવામાં આવશે. ધોરણ -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાને અનુલક્ષી વિકલાંગ પરીક્ષાર્થીઓ માટે સેન્ટ ઝેવિયર્સમાં નીચે જ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહને અનુલક્ષી રાંધેજા ઈન્ટરનેશનલ સ્કુલમાં બેઠક વ્યવસ્થા નિયત કરવામાં આવી છે.

## ગુલમહોર

● અનુસંધાન ચોથાનું ચાલુ

પોતાના સગાં-વહાલાં સાથે રાજુલના સાસરે પહોંચ્યા ત્યારે તેમને તો રાજુલની લાશ જ જોવા મળી હતી. રસોઈ કરતાં દાઝી ગઈ, એવું કારણ આપવામાં આવ્યું હતું. જો કે ગામલોકો ગુસપુસ પણ કરતા હતા કે રસોઈ કરતાં દાઝી ગઈ કે સળગાવી દેવામાં આવી? આ સવાલનો જવાબ કોઈની પાસે નહોતો. કાન્તિલાલ માટે સમસમીને બેસી રહેવા સિવાય કોઈ આરો નહોતો. તેઓ લાંબુ કરવા માગતા નહોતા. કેટલાકે કહ્યું પણ ખરું કે પોલીસ કેસ કરો. કાન્તિલાલ કહેતા કે કોર્ટમાં કેસ કરવાથી દોષિતોને કદાચ સજા પણ થાય. એથી મારી દીકરી પાછી આવી જવાની છે? માની અંતિમવિધિ બાદ ગુમસુમ બેઠેલી નાનકડી આયુષીને સવિતાબા અને કાન્તિલાલ પોતાની સાથે શહેરમાં લઈ આવ્યા હતા અને ઉછેરીને મોટી કરી હતી. આયુષીને રાજુલનાં મા-બાપ પોતાની સાથે લઈ જઈ રહ્યા હતા ત્યારે તેમને એમ કરતા કોઈએ રોક્યાં પણ નહોતાં. કદાચ વિનુ અને તેનો પરિવાર આમ જ ઈચ્છતા હતા. રાજુલના મોત પછી વિનુએ પારુ સાથે બીજા લગ્ન કર્યા હતા અને બીજી પત્નીને લઈને અમેરિકા ઊડી ગયો હતો. રાજુલના મોત સાથે જ વિનુ અને તેના પરિવારે રાજુલના પરિવાર સાથે જાણે સંબંધ જ કાપી નાખ્યો હતો.

રાજુલના મોતના છેક એક દસકા બાદ વિનુએ સવિતાબા અને કાન્તિલાલનો સંપર્ક કર્યો હતો. વિનુ અને પારુ જ્યારે ઘરે આવ્યા ત્યારે આયુષી સાવકી મા પારુ અને નામ માત્રના બાપ વિનુને ખુલ્લી આંખે જોઈ રહી હતી. વિનુ અને પારુએ આયુષીને પોતાની સાથે અમેરિકા લઈ જવા અને અપનાવી લેવાની તૈયારી બતાવી હતી. જો કે કાન્તિલાલને ખબર પડી ગઈ હતી કે દસકાભરના લગ્નજીવન પછી પણ નિઃસંતાન રહ્યા હોવાથી વિનુ અને પારુએ આયુષીને અપનાવી લેવાનો નિર્ણય કર્યો હતો. મા-બાપના લાડકોડ વિનાનું બાળપણ અને કિશોરાવસ્થા હવે કોણ ભરપાઈ કરી આપશે? એ વિચારથી જ આયુષી ખિન્ન હતી. એક તરફ અમેરિકા જવાની તૈયારી સામે બીજી તરફ એને પોતાની જિંદગીનો પણ મા જેવો જ અંત તો નહીં આવે ને? એવો સવાલ મુંઝવી રહ્યો હતો.

## મંગળ બન્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમને બહાર કાઢવાની કામગીરી હાથ ધરાઈ હતી. જાન સિહોર તાલુકાના આંબલા ગામ નજીક આવેલા અનિડા ગામથી નીકળી હતી. લગ્ન પ્રસંગે ઢસા તરફ જતાં સમયે બનેલી કરુણાતિકાથી ભારે અરેરાટી વ્યાપી હતી. જાન ઢસાના ટાકમ ગામે જતી હતી.

ટ્રક પલટવાની ઘટના બનતાં નીચે દબાયેલા અને ઘાયલ થયેલાઓની ચીચીયારીઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. અકસ્માતને પગલે આજુબાજુના લોકો દોડી ગયા હતા અને બચાવ કામગીરી કરીને દબાયેલાઓને બહાર કાઢ્યા હતા. તો ૩૦થી વધુ મોતને ભેટતા ચારેબાજુ લાશોના ઢગલા થયા હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે.

મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણી એ ભાવનગર ના રંઘોળા નજીક થયેલા ગમખ્વાર અકસ્માત માં જાન ગુમાવનારા કમનસીબ મૃતકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. આ અકસ્માત માં ઈજા પામેલા ઈજાગ્રસ્તોની તાત્કાલિક સારવાર માટે જિલ્લાના વહીવટી તંત્ર ને તાકીદ ની સૂચનાઓ આપી છે. તેમણે આ દુર્ઘટના અંગે નો અહેવાલ ત્વરિત આપવા જિલ્લા કલેક્ટર ને જણાવ્યું હતું.

અનિડા ગામે રહેતા પ્રવીણભાઇ વાઘેલાના પુત્ર વિજયના લગ્ન ટાટમ ગામે નિધાર્યા હોય આજે વહેલી સવારે જાન ટ્રકમાં જવા રવાના થઇ હતી. વરરાજા પણ ટ્રકમાં જ જવાના હતા પરંતુ છેલ્લી ઘડીએ કાર મગાવી લીધી હતી. અકસ્માતમાં વરરાજાના પિતા પ્રવીણભાઇ અને તેના પત્નીનું મોત થયું હતું.

અનીડાથી ટાટમ જઈ રહેલી કોળી પરિવારની જાન ભરેલી ટ્રક નાળામાં ખાબકતાં ૨૫ જાનૈયાના મોત થયા હતા. વરરાજા કારમાં આગળ નીકળી ગયા હોવાથી તેને આ વાતની જાણ કરવામાં આવી ન હતી. આ અકસ્માતમાં વરરાજાના માતા-પિતા અને તેના મોટાભાઇના પરિવારના સભ્યોનાં મોત થયા હતા. પરંતુ વરરાજા ટાટમ પહોંચી ગયા હોવાથી તેને આની જાણ કરાઇ ન હતી અને લગ્નવિધિ રાબેતા મુજબ ચાલુ રખાઇ હતી.

રંઘોળા પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતની જાણ થતાં ૧૦૮ની પાંચ ટીમો તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી ટ્રકના કાટમાળ નીચે દબાયેલાઓને બહાર કાઢી હોસ્પિટલે ખસેડયા હતા.

લગ્ન પૂરા થયા બાદ કન્યાપક્ષ તરફથી જમણવાર બંધ રખાયો હતો. પરિવારે સવારથી જ જમણવાર સહિતની તમામ તૈયારીઓ પૂરી કરી લીધી હતી. પરંતુ લગ્નવિધિ પત્યા બાદ જમણવાર બંધ રાખીને તૈયાર કરવામાં આવેલી રસોઈ ફેંકી દેવામાં આવી હતી.

આ પુલ પરથી ટ્રક ચાલક ઓવરટ્રેક કરવા ગયો અને સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રક પુલ નીચે ખાબક્યાની પણ એક વાત બહાર આવી રહી છે. ટ્રક ચાલકનો ચમત્કારિક બચાવ થયો હતો અને તે હાલ ફરાર હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. જ્યાં લગ્નના ગીતો ગવાતા હતા. આ લગ્નનાં ગીતો માતમના ગીતોમાં ફેરવાઈ ગયાં હતો.

## નોટિસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગ્રુપને આપી હતી. મિડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, સિરિયલ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસ તરફથી ચંદા કોચર અને શીખા શર્માને સમન્સ જારી કરવામાં આવ્યા બાદ તેમની પુછપરછ પણ થઈ શકે છે. સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસનું કહેવું છે કે, બુધવારના દિવસે પીએનબીના એમડી સુનિલ મહેતા સામે પણ સમન્સ જારી કરવામાં આવ્યું હતું. કોર્પોરેટ મંત્રાલય હેઠળ આવનાર સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસનું કામ કારોબારી ક્ષેત્રમાં થતી છેતરપિંડીમાં તપાસ કરવાનું હોય છે. આ ઓફિસને એવી શંકા છે કે, નિરવ મોદી અને મેહુલ ચોકસીએ દેશભરમાં આશરે ૪૦૦ સેલ કંપનીઓ ઉભી કરી હતી જેમાં દેશભરમાં બોગસ ડિરેક્ટર તરીકે અધિકારીઓ કામ કરી રહ્યા હતા. આના મારફતે જંગી રકમને દેશથી બહાર મોકલવામાં આવી હતી.

## કાર્તિ ચિદમ્બરમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. તેમને વધારે સમયની પણ જરૂર દેખાઇ રહી છે. દિલ્હીની પટિયાળા હાઉસ કોર્ટમાં કાર્તિના મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન તેમના પિતા અને પૂર્વ નાણાં પ્રધાન પી. ચિદમ્બરમ પણ હાજર રહ્યા હતા. સીબીઆઇનો આરોપ છે કે કાર્તિ તપાસમાં બિલકુલ સહકાર કરી રહ્યા નથી. એડિશનલ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટમાં કહ્યુ હતુ કે આરોપીના મોબાઇલને સીજ કરવામાં આવ્યો છે. તેમની પાસેથી પાસવર્ડ માંગવામાં આવતા પાસવર્ડ આપવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો અને ગુ ટુ હેલ કહેવામાં આવ્યુ હતુ. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ સીબીઆઇની દલીલોને કાપતા કહ્યુ હતુ કે તેમના અસીલ મૌન રહી રહ્યા છે તેનો અર્થ તેઓ દોષિત છે તે નથી. તપાસમાં સહકાર કરી રહ્યા નથી તેવા આક્ષેપ આધારવગરના છે. સીબીઆઇએ કોર્ટમાં દલીલ કરી હતી કે આરોપીની હાલમાં પુછપરછ કરવામાં આવી રહી છે. સીબીઆઇએ કહ્યુ હતુ કે આ મામલે તપાસ સાથે જોડાયેલા કેટલાક મહત્વપૂર્ણ પુરાવા હાથ લાગ્યા છે. જેથી કાર્તિની પુછપરછ જરૂરી છે. સુપ્રીમ કોર્ટમાં કાર્તિની રિમાન્ડ વધારવા માટે સીબીઆઈ દ્વારા દલીલો કરવામાં આવી હતી. તેમના કેસને આગળ વધારી રહેલા વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું હતું કે, કોર્ટમાં કાર્તિને પોતાના માતા-પિતાને મળવા માટે ૧૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે, આજે સુપ્રીમ કોર્ટમાં પણ કાર્તિના મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી જેમાં સુપ્રીમ કોર્ટ તરફથી કોઈપણ રાહત કાર્તિને મળી નથી.

## બજેટ બેઠક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેવાના પ્રયાસો કરશે. જોકે ભાજપે હજુ તેની વ્યુહરચના નક્કી કરી નથી પરંતુ એકાદ સપ્તાહમાં તેને આખરી રૂપ આપી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. આ બેઠકમાં રેતી કાંકરીની ગ્રાન્ટ, ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી થયેલા વિકાસકામો તેમજ પરફોમન્સ ગ્રાન્ટ સહિતના મુદ્દાઓને આગળ કરી અને પ્રશ્નો પુછવાની તૈયારીઓ ભાજપે શરૂ કરી દીધી હોવાનું જાણવા મળેલ છે.

## ૪૪ ફરિયાદો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સામે જમીનવાળાઓ દ્વારા કોર્ટમાં અપીલ કરવામાં આવી છે. આ માસમાં જ કોર્ટમાં મુદત પણ છે. મેટર હાલ સબજ્યુડીસ હોઈ તેઓ વધુ કહેવા નથી માગતા. મહેસુલમંત્રીના આ ઉત્તર પછી બળદેવજી ઠાકોરે જો કોર્ટે સ્ટે આપ્યો ના હોય તો ગેરકાયદે દબાણ તોડી પાડવુ જોઈએ તેમાં કોઈ મુશ્કેલી હોઈ શકે નહિ.

ધારાસભ્ય હસમુખભાઈ પટેલે ગણોત અધિનિયમ હેઠળ મળેલ ફરિયાદો અંગેનો પ્રશ્ન પુછ્યો હતો. જેમાં મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી હતી કે, જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫ અન્વયે બિનખેતીની પરવાનગી આપવામાં આવેલ હોય તો તેમાં નક્કી થયેલ શરતોનો ભંગ થતો હોય તો તેની સામે શરતભંગની કાર્યવાહી કરવામાં આવે છે. તેમણે વિવિધ કલમો ૬૫-૬૬-૬૭ હેઠળ આ શરતભંગની કાર્યવાહી થતી હોવાનું જણાવ્યુ હતુ. આ ઉપરાંત લેન્ડ રેવન્ય કોડની કલમ ૭૯ હેઠળ પણ શરતભંગની કાર્યવાહી કરવામાં આવતી હોય છે.

કોંગીના ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર શહેરની આસપાસ આપવામાં આવેલ ઉદ્યોગગૃહોની જમીનોમાં પણ શરતભંગ થયેલ હોવાનું જણાવી શું પગલાં લેવામાં આવ્યા તે જાણવા માંગ્યુ હતુ. જેના જવાબમાં મહેસુલમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે લેન્ડ રેવન્યુ કોડની કલમ નીચે જમીન ફાળવવામાં આવી તેવા કિસ્સાઓમાં ૨ કેસમાં શરતભંગના કેસ દાખલ કરાયા છે. સરકારે આપેલી જમીનમાં પણ શરતભંગ થયો હશે તો સરકારે તેમની સામે પણ શરતભંગની કાર્યવાહી કરવા તત્પર છે.